પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૭૫, કુલ પાના:૪, તારીખ: ૨૦-૧૧-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 75 PRICE :-RS. 1.50 DATE : 20-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નગરોટામાં એન્કાઉન્ટર, સુરક્ષાદળોએ જૈશ-એ-મોહમ્મદના ૪ આતંકીને ઠાર માર્યા

- ડીડીસી ઈલેક્શન પહેલા અથડામણ, ૪ આતંકવાદી ઠાર, જવાનોને સામાન્ય ઈજા: ડીજીપી.
- દારૂગોળો લઈને શ્રીનગર જઈ રહેલા આતંકીઓએ સરન્ડર કરવાની ના પાડતા સેનાએ રસ્તા વચ્ચે જ ટ્રક ઉડાવી દીધી, ૧૧ એકે-૪૭ રાઈફલ અને ૨૯ ગ્રેનેડ મળી આવી, જમ્મુ-શ્રીનગર હાઈવે પર સુરક્ષા વધારાઈ.



નગરોટા,

જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાના જવાનોએ એક વખત ફરીથી આતંકવાદીઓના નાપાક ઈરાદા પર પાણી ફેરવી દીધુ છે. પાકિસ્તાનથી ઘૂસણખોરી કરીને ટ્રકમાં બેસીને ઘાટી જવાનો પ્રયત્ન કરી રહેલા ૪ આતંકવાદીઓને સુરક્ષા બળોએ બન ટોલ પ્લાઝા નજીક ઠાર માર્યા છે. આ તમામ આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદના હતા. જે ટ્રકમાં છૂપાઈને આ આતંકવાદીઓ શ્રીનગર જઈ રહ્યાં હતા, તે ટ્રકને જ સુરક્ષા બળના જવાનોએ બોમ્બથી ઉડાવી દીધો છે. હાલ નગરોટા હાઈવે પર વાહનોની અવરજવર પર રોક લગાવી દેવામાં આવી છે અને જમ્મુ-શ્રીનગર હાઈવે પર પણ સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બન ટોલ પ્લાઝા નજીકના વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ અથડામણમાં એસઈજીના ૨ જવાનો પણ ઘાયલ થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત સ્થિર જણાવાઈ રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સવારે ૫ વાગ્યાની આસપાસ બન ટોલ પ્લાઝા નજીક સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. ઘાટીમાં જઈ રહેલા વાહનોના ચેકિંગ માટે બન ટોલ પ્લાઝા પહેલા પોલીસે એક પોસ્ટ બનાવી છે. આ દરમિયાન સોપોર જોઈ રહેલા એક ટ્રકને તપાસવા માટે પોલીસે અટકાવ્યો, ત્યારે પાછળ છુપાયેલા આતંકવાદીઓએ ગભરાઈને ગોળીબાર શરૂ કરી દીધો. ગોળીઓનો અવાજ સાંભળીને અન્ય જવાનોએ પોતાની પોઝીશન લઈ લીધી અને જવાબી કાર્યવાહી શરૂ કરી દીધી. આ વખતે પોલીસની એસઓજી ટીમ, સેના અને સીઆરપીએફનો સંયુક્ત કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાઈવે પર વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી. ટોલ પ્લાઝા પર ફરજ બજાવતા કર્મચારીઓએ ટ્રાફિકમાં ફસાયેલા વાહનોમાં બેઠેલા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા હતા. અથડામણ શરૂ થયાના દોઢ કલાકની અંદર જ જવાનોએ ટ્રકમાં છૂપાયેલા ૩ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

જ્યારે એક જીવિત આતંકવાદી ફાયરિંગ કરી રહ્યો હતો. જવાનોએ તેને આત્મસમર્પણ કરવા કહ્યું, પરંતુ તેણે ઈન્કાર કરતાં વિસ્ફોટકની મદદથી આખા ટ્રકને જ ઉડાવી દેવામાં આવ્યો હતો. જેમાં ચોથો આતંકવાદી પણ ઠાર મરાયો હતો. સેનાના સુત્રોનું કહેવું છે કે, જે સમયે અથડામણ શરૂ થઈ, તે સમયે ગાઢ અંધકાર હતો. આથી કોઈ આતંકવાદી ટ્રકમાંથી નીકળીને જંગલમાં છૂપાયો ના હોય તેની ખાતરી કરવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. બન ટોલ પ્લાઝા પર આ વર્ષમાં આ બીજો આતંકવાદી હુમલો છે. અગાઉ ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ પણ પાકિસ્તાનથી ઘુસણખોરી કરીને આવેલા ત્રણ આતંકવાદીઓએ ટ્રકમાં છૂપાઈને ઘાટીમાં જવાનો પ્રયત્ન કર્યો હતો. જેને જવાનોએ નિષ્ફળ બનાવ્યો હતો. બીજી તરફ પોલીસના એક અધિકારીનું કહેવું છે કે, આ એક તપાસનો વિષય છે કે, ટ્રકમાં છૂપાઈને ઘાટી તરફ જઈ રહેલા આ ચારેય આતંકવાદીઓ આખરે અહીં સુધી કેવી રીતે પહોંચ્યા? શું તેમણે તાજેતરમાં જ સરહદ પાર કરીને ઘુસણખોરી કરી હતી કે, તેઓ પહેલાથી જ અહીં છૂપાયા હતા?

## કોરોના કેસ વધતા અમદાવાદમાં આજથી રાત્રે ૯થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ જાહેર

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં દિવાળીના તહેવાર બાદ કોરોનાના દર્દીઓ એકદમ વધી રહ્યાં છે. ડો. રાજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, શહેરમાં કોરોના વધુ ન ફેલાય એ માટે આગમચેતી પગલા લેવાની જરૂર છે. તેથી આવતીકાલ એટલે કે ૨૦ નવેમ્બરથી રાત્રે ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી નવી સૂચના ન આવે ત્યાં સુધી કર્ફ્યૂ જાહેર કરવામાં આવે છે. નોંધનીય છે કે ૧લી ઓગસ્ટે અમદાવાદમાંથી કર્ફ્યૂ હટાવવામાં આવ્યો હતો.

અસારવા સિવિલ કેમ્પસની કેન્સર હોસ્પિટલ અને કિડની હોસ્પિટલમાં કુલ મળીને ૪૦૦થી વધુ પથારી ઉપલબ્ધ કરાવી છે. સોલા સિવિલ હોસ્પિટલમાં પણ ૪૦૦થી વધુ પથારી ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સિવાય અમદાવાદ શહેરમાં ગાંધીનગર નજીક આવેલા વિસ્તારો સાબરમતી, ચાંદખેડા, મોટેરા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૦૦થી વધુ પથારીની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન કરાયું છે. જ્યારે અમદાવાદ શહેરમાં સરકારી હોસ્પિટલોમાં કુલ ૯૦૦થી વધુ પથારીઓ આજે જ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## દેશના નાગરિકોને મળશે કોરોનાની ફ્રી રસી: વિશ્વનો સૌથી મોટો ઓર્ડર ભારતે આપ્યો




ન્યુ દિલ્હી,

કોરોના વાયરસે ફરી દુનિયામાં ઉથલો માર્યો છે. સ્થિતિ વધારે ગંભીર બની રહી છે. આ સ્થિતિમાં દુનિયા આખી કોરોના વાયરસની રસીની કાગડોળે રાહ જોઈ રહી છે. દુનિયાના અનેક દેશોમાં વેક્સીનની ટ્રાયલ ચાલી રહી છે. જેમાં કેટલીક વેક્સીન અસર બતાવી રહી છે પણ હજી તેના પરિક્ષણો ચાલી રહ્યાં છે. જોકે વિવિધ દેશો ફાર્મા કંપનીઓ પાસેથી અત્યારથી જ રસી ખરીદવા કરાર કરી રહ્યાં છે. જેમાં ભારત પણ પાછળ નથી. સૌથી વધુ વેક્સીન ખરીદીની ડીલ પાકી કરનારા દેશોમાં ભારત ત્રીજા નંબરે પર છે. અમેરિકા પહેલા નંબરે અને યૂરોપિયન યૂનિયન બીજા નંબર પર છે. વોલ સ્ટ્રીટ જર્નલ મુજબ આ માહિતી આપવામાં આવી છે.

વેક્સીનનો આ રિપોર્ટ ડ્યૂક યુનિવર્સિટીના એક શોધ પર આધારિત છે. સ્વાસ્થ્ય સંબંધિત નવા અનુસંધાનોથી બનેલી ટેકનીક અને દવાઓના ઓછી આવક ધરાવતા દેશો સુધી પહોંચાડવામાં આવનારી મુશ્કેલીઓ પર કરવામાં આવેલી આ શોધમાં કોરોના વેક્સીનની ખરીદી કરનારા દેશોની એક યાદી તૈયાર કરવામાં આવી છે. તે મુજબ એડવાન્સમાં વેક્સીન ખરીદીની ડીલ પાક કરનારા દેશોની યાદીમાં અમેરિકા અને યૂરોપિયન યૂનિયન બાદ ભારત ત્રીજા નંબર પર છે. ભારતે જ્યાં ૧ અબજ વેક્સીનના ડોઝ વેક્સીન બનાવનારી કંપનીઓ સાથે ડીલ કરી લીધી છે.

તો બીજી તરફ યૂરોપિયન યૂનિયને ૧.૨ અબજ વેક્સીન અને અમેરિકાએ ૧.૫ અબજની ડીલ પાકી કરી લીધી છે. ભારત પ્રાથમિકતાના આધારે પોતાની વસ્તીને કોરોનાની વેક્સીન પૂરી પાડશે. ડ્યૂક યુનિવર્સિટીમાં થયેલા લૉન્ચ એન્ડ સ્પીડોમીટર નામના આ રિસર્ચ મુજબ કોવિડ-૧૯ વેક્સીનના ૮ અબજથી વધુ ડોઝ એડવાન્સ માર્કેટ કમિટમેન્ટ્સ હેઠળ રિઝર્વ કરવામાં આવી ચૂક્યા છે. જ્યારે અમેરિકા અને યૂરોપિયન યૂનિયને તો જુદી-જુદી વેક્સીન ડોઝની સંભવિત ખરીદી ડીલ પણ કરી છે. અમેરિકાએ દોઢ અબજ વેક્સીન ડોઝ તો યૂરોપિયન યૂનિયને લગભગ ૭ કરોડ ડોઝની સંભવિત ખરીદી ડીલ કરી છે. તેનાથી અનુમાન લગાવી શકાય છે કે યુએસ પોતાની તમામ વસ્તીને એકથી વધુ વાર વેક્સીન પૂરી પાડવાની યોજના બનાવી રહ્યું છે.

સૌ નાગરિકો, વ્હાલા મતદારશ્રીઓ પક્ષ પરિવારના સદસ્યશ્રીઓ તમામ સંપ્રદાયના મહંતશ્રીઓ, સંતશ્રીઓ, સરપંચશ્રીઓ, ખેડૂત ભાઈ-બહેનો, વેપારી બંધુઓ, વહિવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ, શુભેચ્છકશ્રીઓ તથા સમસ્ત સ્નેહીજનો નવલું વર્ષ આપ સૌને પ્રેરણાદાગી નિવડે, ઉલ્લાસ અને આનંદ સાથે આ અને આપના પરિવારજનોને આવનારા વર્ષની પ્રત્યેક પળ વિકાસની નવતર ઉંચાઈઓ ઉપર લઈ જાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સાથે

નુતન વર્ષાભિનંદન.....



| શ્રી નરેન્દ્રભાઈ મોદી | શ્રી વિજયભાઈ રૂપાણી | શ્રી જસવંતસિંહ ભાભોર |
|---|---|---|
| વડાપ્રધાન, ભારત | મુખ્યમંત્રી, ગુજરાત | સાંસદ, દાહોદ |

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....



શ્રી કુબેરભાઈ ડીંડોર

ધારાસભ્યશ્રી, સંતરામપુર, જી. મહિસાગર

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....

ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.

મો.9737024962 / 7778024962

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

સંજીવની હોસ્પિટલ

ડો.સંજય મુખર્જી (એમ.એસ.)

લેપ્રોસ્કોપી અને જનરલ સર્જન

ફોન : ૦૨૬૭૬-૨૩૬૬૦૪, ૨૩૬૬૬૪

પંચમહાલ સ્ટિલ સામે, સ્ટેશન રોડ કાલોલ-૩૮૯૩૩૦ (પંચ)

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

એ. કે. મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ

ડો.બતુલ તાસિયા

M.D. (પલ્મોનોલોજીસ્ટ) મો : ૯૦૯૯૪ ૭૩૨૧૭

ફેફસા તથા ટી.બી. રોગના નિષ્ણાંત

ઓ.પી.ડી.નો સમય : બપોરે ૧ થી ૫ સાંજે ૭ થી ૯ (ઈમરજન્સી ૨૪ કલાક)

સરદાર નગર ખંડની પાસે વિશ્વકર્મા ચોક, ગોધરા-૩૮૯૦૦૧

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

એ.કે. મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ

ડો.ખુશ્બુ પ્રજાપતિ

MS ગાયનેક (ગોલ્ડ મેડાલિસ્ટ)

પ્રસૂતિ તથા સ્ત્રીરોગના નિષ્ણાંત

સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭ । મો : ૮૮૪૯૨ ૧૩૩૪૫

સરદાર નગર ખંડની પાસે, વિશ્વકર્મા ચોક, ગોધરા

Happy New Year

Z.B Patel Hospital X-ray

Dr. M.R. Bhatia
M.B.B.S
Reg.No.G-1981
Santrod, Tal. Morva

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

લક્ષ્મી પ્રસૂતિગૃહ અને નર્સિંગ હોમ

( વંધ્યત્વ-સોનોગ્રાફી-એન્ડોસ્કોપી)

મો.:૯૮૨૫૧ ૯૭૦૨૯

ડો. મહેન્દ્ર આર. તિવારી (M.D., D.G.O.)

ડો. મહેન્દ્ર આર. તિવારી (M.D.D.A.)

-: કાલોલ :-

લાલ દરવાજા પાસે કાલોલ, જી.પંચમહાલ

ફોન :૦૨૬૭૬-૨૩૭૮૩૫ । સમય: સવારે ૧૧ થી ૫ સાંજે

-: વડોદરા :-

બી/૧૫, સંગમ સોસાયટી, સંગમ બસ, સ્ટેન્ડ પાછળ વડોદરા

ફોન : ૨૪૬૫૫૧૦ । સમય : સવારે ૧૦ થી ૧ સાંજે ૬ થી ૮

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

ડો.તાસીચા આઈ.આઈ.

એમ.ડી.(પેડ)

બાળકો અને નવજાત શિશુના નિષ્ણાંત

માસુક ચિલ્ડ્રન હોસ્પિટલ

ડો.આયશા આઈ.તાસીચા

માસુમ ડેન્ટલ કલીનીક

નવા બજાર એમ.જી.રોડ ગોધરા-૩૮૯૦૦૧ ફોન નં : ૨૫૧૭૬૬

સમય : સવારે ૧૧ થી ૧ સુધી સાંજે ૬ થી ૮ સુધી

ફકત ઈમરજન્સી કેસ માટે મો.: ૯૯૦૪૭ ૧૭૪૬૬

કડીયાવાડ ચોક, ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

ઓમ ઓર્થોપેડિક હોસ્પિટલ

ડો. મહેશ વી. દામા : (MS ઓર્થો)

ફોન : (૦૨૬૭૨) ૨૫૩૧૬૦

માં કાર્ડ અને આયુષ્માન ભારત યોજનામાં દર્દીઓને મફત ઓપરેશન.

સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦

બેંક ઓફ બરોડાની સામે, ચર્ચ પાસે ગાંધી ચોક, રોશની આંખની હોસ્પિટલની બાજુમાં, ગોધરા

Happy New Year

NOORANI POLYCLINIC

Dr.Anwar I. Kachba

M.D.(Hom)
(Consultant Homeopath)
Cell : 98981 91588

Prof& Head of the dep't Forensic Medicine
S.S.H. Medical College , Godhra

Email-anwar_kachba@yahoo.com

Nr. Noorani Masjid M, Azad road Godhra - 389001

## મહીસાગર જિલ્લામાં આજે ૨૪ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૪૬૭ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૮ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૯-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૪૬૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાધમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાંમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૭૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૮૧૨૮૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૧ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૮૬ દર્દી હોમ આઈસોલેશન, ૦૧ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૧ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦૮ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# ખાનપુર તાલુકાની મોટી ગ્રામ પંચાયતો સાથે યોજાઈ બેઠક



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

## દુકાનની બહાર માસ્ક નહીં વેપાર નહીં નું બોર્ડ લગાવવા જિલ્લામાં કલેકટરની અપીલ

લુણાવાડા,
જિલ્લા કલેકટર આર. બી. બારડે તહેવારોમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે. ત્યા.રે નાગરિકોએ પોતે સ્વ ચંશિસ્ત રાખવી ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત નાના-મોટાં મેળાવડા ટાળવા જોઈએ, ખોટી રીતે અવર-જવર ન કરવા અને દુકાનની બહાર માસ્કા નહીં વેપાર નહીંનું બોર્ડ લગાવવા અપીલ કરી છે.

જિલ્લાનના ખાનપુર તાલુકાની મોટી ગ્રામ પંચાયતો જેવી કે લિમડિયા, ખાનપુર, બાકોર, પાંડરવાડા, વડાગામ, કારંટાના સરપંચઓ, તલાટીઓ, વેપારી મંડળના આગેવાનો, આરકેએસ સમિતિના પ્રમુખોની ઉપસ્થિરતિમાં ખાનપુર મામલતદાર કચેરી ખાતે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થો ઓફિસર અને પીએસઆઈ સાથે ઝૂમ એપના માધ્ય મથી બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા, કલેકટર આર. બી. બારડે દુકાનદારોએ દુકાને ખરીદી કરવા આવતાં ગ્રાહકો માટે દુકાનની બહાર માસ્કે નહીં વેપાર નહીં નું બોર્ડ લગાવવાની સાથે માસ્કે પહેર્યા વગર આવતા ગ્રાહકોને માલનું વેચાણ નહીં કરવા સુચવ્યું હતું.

બારડે તબીબોને પણ પોતાની કલીનીક પર સારવાર અર્થે આવતા નાગરિકો માસ્કર વગર આવે તો તેની સારવાર નહીં કરવાની સાથે તમામ દવાઓના સ્ટો ક રજિસ્ટઅર તેમજ જે કોઈ સારવાર કરવામાં આવે તેની સંપૂર્ણ માહિતી રાખવા તથા નજીકના પ્રાથમિક આરોગ્યા કેન્દ્રોના મેડીકલ ઓફિસરને જાણ કરવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ઝૂમ એપ દ્વારા જોડાયેલ તમામને સરકારની ગાઈડલાઈનનું ફરજિયાત પાલન થાય તે જોવા જણાવ્યું હતું.

નેહા કુમારીએ ગ્રામ્યત કક્ષાએ તલાટીઓને કન્ટેંનમેન્ટ એરિયાની અવાર-નવાર મુલાકાત લેવા અને સેનેટાઈઝ થાય તે જોવા જયારે સરપંચઓ અને સભ્યતઓને ગામમાં જાગૃતિ આવે તે માટે તેમજ કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે સપ્તાતહમાં બે વાર માઈક દ્વારા સરકારની સુચનાઓનું પાલન કરવા અને કરાવવા માટેના પ્રયાસો કરવા પોતાની મહત્વમની ભૂમિકા અદા કરવા જણાવ્યું હતું.

નેહા કુમારીએ પીએસઆઈને ગ્રામ પંચાયતોમાં દિવસમાં એકવાર મોબાઈલ વાન મુલાકાત કરવા તેમજ ગ્રામ્યલ કક્ષાએ તમામ સમિતિઓને એકટીવ કરવાની સાથે વિવેકાનંદ સભ્યોસ દ્વારા પ્રચાર-પ્રસાર થાય તેમજ ઈ-સંજીવનીનો ગ્રામજનો વધુને વધુ લાભ મેળવે તે માટે માર્ગદર્શન આપવા જણાવ્યું હતું. જયારે મેડીકલ ઓફિસરને આરોગ્યા કર્મીઓ દ્વારા ઘનિષ્ઠઘ સર્વે કરવા અને તાત્કાકલિક ૨૪ કલાકમાં પોઝીટીવ દર્દીઓના કોન્ટોકટમાં આવ્યા હોય તેઓની યાદી મેળવવાની કામગીરી પૂર્ણ થાય તે જોવા સુચવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં છેલ્લા પાંચ દિવસમાં ૯૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




દાહોદ,
દાહોદ જિલ્લામાં દિવાળીના તહેવારથી લઈ આજદિન સુધી એટલે કે, પાંચ દિવસમાં કોરોનાએ માથું ઉકચતા ફરીવાર દાહોદ જિલ્લાવાસીઓ તેમજ આરોગ્ય તંત્રમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પાંચ દિવસમાં કુલ ૯૩ કેસો નોંધાતા એક પ્રકારનો ફફડાટ પણ ફેલાઈ જવા પામ્યો છે. તહેવારની ઉજવણી દાહોદ જિલ્લાવાસીઓ માટે જાણે મોંઘી સાબીત થઈ હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં તહેવાર ટાળે લોકોની અવર જવર, મુસાફરી, લોકટોળા વિગેરે પ્રાથમીક કારણ પ્રતિત થઈ રહ્યું છે. આવનાર દિવસોમાં પણ કોરોના માથુ ઉચકશે તેમ કહીએ તેમાં કોઈ અતિશયક્તિ નહીં ગણાય. દિવાળી થી નવાવર્ષ સુધી તેમજ આજે તારીખ ૧૯મી નવેમ્બરના રોજ ૧૮ કેસો નોંધાવા પામ્યા છે. વધતાં કેસોને દયાનમાં રાખી દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર પણ સજાગ બન્યું છે અને જિલ્લાવાસીઓને સાવચેત રહેવા પણ અપીલ કરી રહ્યું છે. તહેવાર પહેલા પણ તંત્ર દ્વારા તહેવારની ઉજવણી સાવચેતી પુર્વક કરવા અપીલ કરવામાં આવી હતી.

તારીખ ૧૫મી નવેમ્બરના રોજ ૦૬ કેસ નોંધાયા હતા જેમાંથી આર.ટી.પી.સી.આર.ના ૨૫૩ પૈકી ૧ અને રેપીટ ટેસ્ટના ૫૪૬ પૈકી પાંચ કેસનો સમાવેશ થયો હતો. આ ૬ પૈકી દાહોદમાંથી ૫ અને ઝાલોદમાંથી ૧ એક કેસનો સમાવેશ થયો હતો. આ દિવસે એક્ટીવ કેસની સંખ્યા ૭૯ હતી અને તે દિવસે હોસ્પિટલમાંથી ૬ દર્દીઓને રજા આપવામાં આવી હતી.

તા.૧૬મી નવેમ્બરના રોજ પોઝીટીવ કેસ વધીને દાહોદ જિલ્લામાં કુલ ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા હતા જેમાં આર.ટી.પી.સી.આર.ના ૧૬૯ પૈકી ૧ અને રેપીટ ટેસ્ટના ૩૮૭ પૈકી ૧૫ એમ કુલ ૧૬ કેસો નોંધાયા હતા જેમાંથી દાહોદમાંથી ૧૧, ઝાલોદમાંથી ૪ અને લીમખેડામાંથી ૧ કેસનો સમાવેશ થયો હતો. આ દિવસે ૮૮ એક્ટીવ કેસ હતા અને ૭ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

તારીખ ૧૭મી નવેમ્બરના રોજ કેસ વધીને ૧૮ નોંધાવા પામ્યા હતા જેમાં આર.ટી.પી.સી.આર.ના ૧૬૫ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૧૦૪૬ પૈકી ૬ કેસના સમાવેશ થયો હતો. આ ૧૮ પૈકી દાહોદમાંથી ૭, ઝાલોદમાંથી ૫ અને ફતેપુરામાંથી ૬ કેસનો સમાવેશ થયો હતો. આ દિવસે ૯૪ એક્ટીવ કેસ હતા અને ૧૧ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

તારીખ ૧૮મી નવેમ્બરના રોજ તો કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો હતો. જિલ્લામાં એક સાથે ૩૫ કેસ પોઝીટીવ સામે આવતાં સૌ કોઈના જીવ તાળવે ચોટી ગયા હતા. આ દિવસો દરમ્યાન વધતાં કેસોની સંખ્યા જોઈ આરોગ્ય તંત્ર પણ એક ક્ષણે ચોકી ઉઠ્યું હતું. આ દિવસે ૩૫ પૈકી આર.ટી.પી.સી.આર.ના ૧૫૪ પૈકી ૯ અને રેપીટ ટેસ્ટના ૧૧૩૫ પૈકી ૨૬ કેસો સામે આવ્યા હતા. આ દિવસે એક્ટીવ કેસની સંખ્યા ૧૨૧ થઈ ગઈ હતી અને તે દિવસે ૮ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. મૃત્યુ આંકની વાત કરીએ તો તારીખ ૧૮મી સુધી જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કુલ ૭૬ લોકોએ પોતાની જીવ ગુમાવી દીધો છે.

જયારે આજે તારીખ ૧૯મી નવેમ્બરના રોજ ૧૮ કોરોના પોઝીટીવ કેસો નોંધાવા પામ્યા હતા જેમાં આર.ટી.પી.સી.આર.ટેસ્ટના ૨૭૦ પૈકી ૧૩ અને રેપીટ ટેસ્ટના ૮૩૧ પૈકી ૬ કેસોનો સમાવેશ થાય છે. આ ૧૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૮, ઝાલોદ અર્બનમાંથી ૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૩, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૨ અને ગરબાડામાંથી ૩ કેસોનો સમાવેશ થાય છે.

આમ, અત્યાર સુધી દાહોદ જિલ્લામાં કુલ એક્ટીવ કેસની સંખ્યા ૧૩૧ રહેવા પામી છે જયારે આજે વધુ ૮ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લીધી હતી.

# કોઈ પણ રાજયમાં CBI તપાસ પહેલાં રાજ્યની પરવાનગી જરૂરી: સુપ્રીમ કોર્ટ



ન્યુ દિલ્હી,
સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનના અધિકાર ક્ષેત્રના સંબંધમાં સતત સવાલ ઉઠતા રહ્યાં છે. મોટા ભાગે એક સવાલ સર્જાય છે કે શું તપાસ માટે સીબીઆઈ એ સંબંધિત રાજ્યોની અનુમતિ લેવી જરૂરી છે ? આજે સુપ્રીમ કોર્ટે આ મામલામાં મોટો ચુકાદો આપ્યો છે. જેમાં સીબીઆઈ એ તપાસ માટે સંબંધિત રાજ્યોની પરવાનગી લેવી જરૂરી છે. એક ચુદામાં સુપ્રીમ કોર્ટ ગુરવારે આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે આ પ્રાવધાન બંધારણના સંઘીય ચરિત્રને અનુરૂપ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દિલ્હી વિશેષ પોલીસ સ્થાપના અધિનિયમ, જેમાં શક્તિઓ અને અધિકાર ક્ષેત્ર માટે સીબીઆઈ માટે રાજ્ય સરકારની પરવાનગીની આવશ્યકતા છે.

આ પ્રાવધાન સંવિધાનના સંઘીય ચરિત્રને અનુરૂપ છે. તાજેતરમાં જ મહારાષ્ટ્ર સરકારે એક આદેશ જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે રાજયમાં તપાસ કરવા માટે સીબીઆઈને આપવામાં આવેલી પરવાનગી પરત લેવામાં આવે છે. જોકે મહારાષ્ટ્ર સરકાર દ્વારા તપાસની પરવાનગી પરત લેવાના કારણે હાલ ચાલી રહેલી તપાસ પર કોઈ અસર પડશે નહિ.

ભવિષ્યમાં સીબીઆઈ મહારાષ્ટ્રમાં કોઈ નવા મામલાની તપાસ કરવા માંગશે તો તેણે રાજય સરકારની પરવાનગી લેવી પડશે પરંતુ કોર્ટ તરફથી તપાસ માટેનો આદેશ આપવામાં આવ્યો હશે તો પરવાનગીની જરૂર પડશે નહિ. સીબીઆઈ દિલ્હી વિશેષ પોલીસ સ્થાપના અધિનિયમ, ૧૯૪૬ દ્વારા શાસિત હોય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સીબીઆઈને તપાસ કરતા પહેલા સંબંધિત રાજય સરકારની પરવાનગી લેવી પડશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૯, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૦-૧૧-૨૦૨૦, શુક્રવાર, નિજ કારતક સુદ-૬, સૂર્ય છઠ્ઠ, સૂર્યોદય-૭-૦૨, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૭-૫૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર:ઉત્તરાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત-૧૨-૧૧ થી ૧૨-૫૪, ૭-૦૪થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૦સુધી, ૧૨-૩૨ થી શુભ-૧૩-૫૫ સુધી, ૧૬-૩૯થી ચલ-૧૮-૦૧ સુધી, ૨૧-૧૭-થી લાભ-૨૨-૫૫ સુધી

- શુભ હોરા-
૭-૦૩ થી ૯-૪૮ સુધી, ૧૦-૪૩ થી ૧૧-૩૮ સુધી, ૧૩-૨૭થી ૧૬-૧૨ સુધી, ૧૭-૦૬ થી ૧૮-૦૧ સુધી

## આગામી ૧૫ દિવસમાં કોરોના કેસનો રાફડો ફાટશે: વડોદરાના નોડલ ઓફિસર

વડોદરા,
દિવાળીના તહેવારો બાદ ગુજરાતમાં કોરોનાનું સંકટ વધી રહ્યું છે. જેથી કોરોના ટેસ્ટની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. રાજયમાં કન્ટેન્મેન્ટ ઝોન, હોટસ્પોટ વિસ્તાર અને તમામ જિલ્લાઓથી લઈને ગામડાઓમાં પણ રેપીડ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

કોરોનાને નાથવા માટે વધુમાં વધુ રેપીડ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. તેવામાં હવે વડોદરાના નોડલ ઓફિસરનું મોટુ નિવેદન સામે આવી રહ્યું છે. વડોદરાના નોડલ ઓફિસર શીતલ મિસ્ત્રીએ આપેલા નિવેદનમાં જણાવ્યું છે કે, આગામી ૧૫ દિવસમાં કોરોના કેસનો રાફડો ફાટશે. દિવાળીમાં નિયમ ભંગથી સ્થિતિ વિકટ બની રહી છે. વડોદરામાં કોવિડ દર્દી માટે કુલ ૪૬૯૩ બેડ ઉપલબ્ધ હોવાની વાત જણાવી છે, પરંતુ હાલમાં કોવિડ માટેના ૭૨ ટકા બેડ ઉપલબ્ધ હોવાની વાત કરતા હાશકારો થયો છે.

## દૈનિક રાશીફળ
તા.૨૦.૧૧.૨૦૨૦ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- સામાજીક સ્તરે તમો છવાયેલા રહેશો ગૃહોનું ભ્રમણ ન ધારેલી સફળતા અપાવે, પ્રવાસ થાય.
વૃષભ (બ.વ.ઉ.) :- વ્યવસાયિક પરત્વે કોઈ ન ધારેલી વ્યકિની મદદ મલે. નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ
મિથુન (ક.છ.ઘ.) :- મહત્વકાંક્ષાઓ ફળવાની છે છતાં મહત્વની નિર્ણયો બાબત ઉઉતાવળ ન કરવી. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
કર્ક (ડ.હ.) :- ભાગીદારો સાથે મોટી યોજના બાબત મીટીંગનું આયોજન થાય વિદેશ જવાની તક માટે સારો દિવસ.
સિંહ (મ.ટ.) :- સકારાત્મક વિચારો દ્વારા સફળતા મેળવશો. મનગમતી વ્યકિતની મુલાકાત થાય શેર સટ્ટામાં લાભ.
કન્યા (પ.ઠ.ણ.) :- અધિકારી વર્ગનો સહકાર સારો રેહવાનો નોકરીમાં નવી ઓફર ભાઈ-ભાઈ બહેનોનો સહકાર રહે.
તુલા (ર.ત.) :- દિવસ દરમ્યાન અનુકુળતાઓ રહે દરેક પ્રશ્નોમાં સફળતા પરિવારમાં ઉત્સાહ વધે માંગલીક કાર્યો થાય.
વૃશ્ચિક (ન.ય.) :- દિવસ ગતિ શીલતા વાળો રહેવાનો મિલ્કત બાબત અનુકુળતા નિર્ણયો બાબત કોઈની સલાહ ધ્યાન પાસેથી.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- સતત વ્યસ્ત રહેવાના સકારાત્મક વિચારોથી સફળતા મેળવશો. મહત્વના ચર્ચા વિચારણા રહે.
મકર (ખ.જ.) :- નવા સંબંધોને જોડાણો બાબત કોઈ ઉતાવળ ન કરવી લગ્નજીવનમાં પેનકેન પ્રકારે તનાવ રહેવાનો.
કુંભ (ગ.શ.સ.) :- દિવસ દરમ્યાન રાજકીય વ્યકિતની મુલાકાતથી લાભ નોકરીમાં મનગમતું કાર્ય મલે. સ્વાસ્થ્ય જાળવવું.
મીન (દ.ચ.ઝ.) :- વ્યવસાય બાબત સફળતા શકિતઓનો લાભ મલે. આધ્યાત્મિક ક્ષેત્રે સફળતા યાત્રા પ્રવાસની ઈચ્છા ફળે.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ડો.નયન જોષી
બ્લોક હેલ્થ ઓફિસર,
ઘોઘંબા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
શ્યામ સુંદર બ્રિકસ
બાબુભાઈ પટેલ
મોઃ ૯૮૨૫૩ ૧૬૪૦૯
મુ.પંડ્યાના મુવાડા, પો.મુડાવડેક,
તા.ખાનપુર, જિ.મહિસાગર



દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
વિપુલભાઈ ગામિત
RTO લુણાવાડા,
જિ.મહિસાગર

Happy New Year
M/S PARAS MOTORS
Authorised Dealer EICHER TRACTOR
(Sales, Service & Spares)
Dip Priteshkumar Bhuta : Proprietor
E-mail : paraseichertractor@gmail.com
Ph.02675-221677, 91274 66677
College Road, Santrampur, Dist. Mahisagar


દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સન્ની બોરવેલ
જમીન ઉપરથી તથા ૮ ઈંચના કુવામાં ઉભા તથા આડા બોર કરી આપવામાં આવશે.
પ્રો.સુનીલ શર્મા (ગુડ્ડુ)
માજી પ્રમુખ લાયન્સ કલબ સંતરામપુર
ડિસ્ટ્રિકટ ચેરમેન લાયન્સ ઈન્ટરનેશનલ
ડિસ્ટ્રિકટ ૩૨૩૨ એફ.૧
મો : ૯૯૨૫૦ ૨૭૮૩૩ , ૯૪૨૬૩ ૬૪૫૩૮
ઓફિસ : કોલેજ રોડ, ગોધરા ભાગોળ સંતરામપુર જિ.મહિસાગર

Happy New Year
PARAS PETROOLEUM
Finest in Printing , Binding, Screen Printing & Offset Printing All Type Of Stationary Supplier
Ph: 02675 220399
Mo : 98250 46677/ 94273 99911
Mota Bazar , Santrampur

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં નવા વર્ષના પ્રારંભે ૯ અકસ્માતના બનાવો : ૮ ના મોત





દાહોદ,

દાહોદ જિલ્લા માટે દિવાળી, નવાવર્ષનો સમયગાળો ગોઝારો સાબીત થયો છે. વર્ષના પ્રારંભ સાથે જ વાહન ચાલકોની ગફલતના કારણે જિલ્લા માર્ગ અકસ્માતના સર્જાયેલા જુદા જુદા ૯ બનાવોમાં ૮ વ્યક્તિઓના અકાળે મોતને પગલે તહેવાર ટાળે મૃતકોના પરિવારજનોમાં માતમ છવાયો હતો. જ્યારે આ બનાવોમાં ચાર થી પાંચ વ્યક્તિઓને શરીરે ઈજાઓ પણ પહોંચી હતી.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં કસ્બા વિસ્તારમાં રહેતા શબ્બીરભાઈ પઠાણ ભરપોડા સર્કલથી પસાર થઈ રહ્યા હતા અને રસ્તો ક્રોસ કરી સામેના રસ્તા સુધી જતી વેળાએ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી શબ્બીરભાઈને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં શબ્બીરભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગત તા.૧૮મી નવેમ્બરના રોજ શબ્બીરભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે શબ્બીરભાઈની બહેન રૂકશાનાબેન પઠાણે દાહોદ શહેર પોલીસ મથકે અકસ્માત સર્જનાર મોટરસાઈકલના ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે ગરબાડા રોડ તરફ બનવા પામ્યો હતો જેમાં દાહોદ તાલુકાના ગલાલીયાવાડ વિસ્તારમાં રહેતા કમલેશભાઈ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ તેમના માના ઘરેથી પરત ઘરે આવી રહ્યા હતા. તે સમયે એક પીક અપ ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી કમલેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં કમલેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજતાં આ સંબંધે ગલાલીયાવાડ વિસ્તારમાં રહેતા જગદીશભાઈ મથુરભાઈ પરમારે આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે હાઈવે રોડ પર બનવા પામ્યો હતો જેમાં એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતા જતાં મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના નવાપાડા ગામે રહેતા પ્રતાપભાઈને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં પ્રતાપભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતુ. આ સંબંધે નવાપાડા ગામે રહેતા ઝીથરાભાઈ માનસીંગભાઈ ભુરીયાએ આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ચોથો બનાવ ઝાલોદ તાલુકાના કાળીગામ ગુજ્જર ગામે રોડ પર બનવા પામ્યો હતો જેમાં એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સામેથી મોટરસાઈકલ લઈ આવતાં કાળીગામ ગુજ્જર ગામે રહેતા સુનીલભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં સુનિલભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાતાં તેઓનું ગત તા.૧૮મી નવેમ્બરના રોજ સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે કાળીગામ ગુજ્જર ગામે રહેતા મહેન્દ્રભાઈ સવસીંગભાઈ મુનીયાએ આ સંબંધે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો પાંચમો બનાવ જેમાં એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતા જતાં ઝાલોદ તાલુકાના નીમવરોડ ગામે રહેતા વાલસીંગભાઈ લાલસીંગભાઈ ડાંગીને અડફેટમાં લેતા વાલસીંગભાઈને હાથે, પગે ફ્રેક્ચર કરી મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં પોતે પણ મોટરસાઈકલ પરથી ફંગોળાતા તેને શરીરે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતુ. આ સંબંધે નીમવરોડ ગામે રહેતા ઈશ્વરભાઈ સુકલાબાઈ ડાંગીએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો છઠ્ઠો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના દેગાવાડા ગામે રોડ પર બનવા પામ્યો હતો જેમાં એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ પર સવાર પસાર થઈ રહેલા ધાનપુરમાં નીચવાસ ફળિયામાં રહેતા ભુપેન્દ્રભાઈ તથા ભારતભાઈ બંન્ને જણાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ભપેન્દ્રભાઈ અને ભારતભાઈ બંન્ને જમીન પર પટકાતાં જે પૈકી ભુપેન્દ્રભાઈને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતુ જ્યારે પાછળ બેઠેલ ભારતભાઈ અને અકસ્માત સર્જનાર મોટરસાઈકલના ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી. આ સંબંધે ધાનપુરના નીચવાસ ફળિયામાં રહેતા કનકસિંહ પર્વતભાઈ બારીઆએ આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો સાતમો બનાવ લીમખેડા તાલુકાના જેતપુર (દુ) ગામે બનવા પામ્યો હતો જેમાં એક ઈન્ડિકા ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં ઉભેલ પેસેન્જર ભરેલ છકડાને અડફેટમાં લેતા છકડામાં સવાર ૨૬ વર્ષીય નરેશભાઈ લાલાભાઈ રાવતને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું મોત નીપજ્યું હતુ જ્યારે છકડામાં સવાર કેટલાક પેસેન્જરોને શરીરે ઈજાઓ પણ થવા પામી હતી. આ સંબંધે જેતપુર (દુ) ગામે રહેતા મુકેશભાઈ રામસીંગભાઈ રાવતે લીમખેડા પોલીસ મથકે આ સંબંધે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો આઠમો બનાવ દાહોદ તાલુકાના ખંગેલા ગામે રોડ પર બનવા પામ્યો હતો જેમાં દાહોદ તાલુકાના આગાવાડા ગામે કાળીયાકુવા ફળિયામાં રહેતા વિછીયાભાઈ ઝીથરાભાઈ ભાભોર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પુરઝડપે અને ગફલત ભરી રીતે પસાર થતી વેળાએ અચાનક પોતાના કબજાની મોટરસાઈકલ પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને તેઓ જમીન પર ફંગોળાયા હતા જેને પગલે વિછીયાભાઈને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે આગાવાડા ગામે કાળીયાકુવા ફળિયામાં રહેતા ઝીથરાભાઈ મંગાભાઈ ભાભોરે આ સંબંધે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો નવમો બનાવ દાહોદ તાલુકાના વરમખેડા ગામે ગરબાડા રોડ ઉપર બનવા પામ્યો હતો જેમાં એક રેકડાના ચાલકે પોતાના કબજાના રેકડામાં પેસેન્જરો ભરી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી રસ્તાની રોંગ સાઈડ પરથી પસાર થઈ રહ્યો હતો અને અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા રેકડો પલ્ટી ખાઈ ગયો હતો. રેકડો પલ્ટી ખાઈ જતાં તેમાં સવાર પેસેન્જરો પૈકી શૈલેષભાઈ, રાજુડીબેન અને સાહિલભાઈને શરીરે, હાથે, પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતા તેઓને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ સંબંધે દાહોદ તાલુકાના વરમખેડા ગામે પુંજારા ફળિયામાં રહેતા પાંગાભાઈ નરીયાભાઈ મિનામાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ કસ્બામાં રહેતી યુવતિના એમ.પી.માં લગ્ન બાદ સાસરીયા ત્રાસ આપતાં દાહોદ પોલીસ ફરિયાદ

દાહોદ,

દાહોદ કસ્બા વિસ્તારમાં રહેતી લઘુમતિ કોમની ૨૨ વર્ષીય યુવતીના લગ્ન મધ્યપ્રદેશના ઈન્દૌર જિલ્લામાં થયા હતા. લગ્ન જીવનના થોડા સમય સુધી પતિ તથા સાસરીયાઓ દ્વારા પરણિતાને સારૂ રાખ્યા બાદ પોત પ્રકાશ્યું હતુ અને ખોટા શક વહેમ તથા દહેજની માંગણી કરી પરણિતાને શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા ત્રાસથી વાજ આવેલ પરણિતા પોતાના પિયરમાં આવી પહોંચી હતી અને દાહોદ મહિલા પોલીસ મથકે ન્યાયની માંગણી સાથે પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. દાહોદ કસ્બા વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય સુકીયાબેન જાહીદહુસેન મનસુરીના લગ્ન આજથી ત્રણ વર્ષ અગાઉ સમાજના રિતી રિવાજ મુજબ મધ્યપ્રદેશના ઈન્દૌર જિલ્લામાં રહેતા જાહીદહુસેન શહેજાદહુસેન મનસુરી સાથે થયા હતા. લગ્નના થોડા સમય સુધી સુકીયાબેનને પતિ તથા સાસરીયાઓ દ્વારા સારૂ રાખ્યા બાદ દહેજ પેટે રૂા.૩ લાખ તથા ખોટા શક વેહમ રાખી હેરાન પરેશાન કરતાં હતા અને સુકીયાબેન સાથે મારઝુડ કરી પતિ તથા સાસરી પક્ષના શહેજાદહુસેન, રમીઝાબી, હેરાના, જાફરહુસેન, વિગેરે શારિરીક અને માનસીક ત્રાસ આપતાં એક દિવસ પહેરેલ કપડે સુકીયાબેનને ઘરમાંથી કાઢી મુકતા સુકીયાબેન પોતાના પિયર દાહોદ મુકામે આવી ગઈ હતી. આ સંબંધે સુકીયાબેન દ્વારા પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નૂતન વર્ષાભિનંદન
છાપોઈ ગ્રામ પંચાયત
: સરપંચ :
આશાબેન પંકજભાઈ
: ડે.સરપંચ : : તલાટી/મંત્રી :
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. છાપોઈ, તા. ઝાલોદ
શૈલેષ ભુરીયા

નૂતન વર્ષાભિનંદન
કાળી ગામ ઈનામ ગ્રામ પંચાયત
: સરપંચ :
અરવિંદભાઈ પુજાભાઈ મેડા
: ડે.સરપંચ : : તલાટી/મંત્રી :
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. કાળી, તા. ઝાલોદ
શૈલેષ ભુરીયા

નૂતન વર્ષાભિનંદન
શંકરપુરા ગ્રામ પંચાયત
: સરપંચ :
શર્મિલાબેન સુનીલભાઈ ડામોર
: ડે.સરપંચ : : તલાટી/મંત્રી :
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. શંકરપુરા, તા. ઝાલોદ

નૂતન વર્ષાભિનંદન
કુણી ગ્રામ પંચાયત
: સરપંચ : જમકુબેન ચીમનભાઈ કિશોરી
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : જે. આર. ગોહિલ
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. કુણી, તા.ઝાલોદ
શૈલેષ ભુરીયા

નૂતન વર્ષાભિનંદન
આંબા ગ્રામ પંચાયત
: સરપંચ : નરેન્દ્રકુમાર હઠીલા
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : અમિત હઠીલા
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. આંબા, તા.ઝાલોદ
શૈલેષ ભુરીયા

નૂતન વર્ષાભિનંદન
મીરાખેડી ગ્રામ પંચાયત
: સરપંચ : જીતેન્દ્રભાઈ સુભાષભાઈ ડાંગી
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : ડી. બી. ગોંદીયા
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. મીરાખેડી, તા.ઝાલોદ

નૂતન વર્ષાભિનંદન
ચાકલીયા ગ્રામ પંચાયત
: સરપંચ : વાલીબેન રમેશભાઈ નિનામા
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : એ. આર. કટારા
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ચાકલીયા, તા.ઝાલોદ
શૈલેષ ભુરીયા

નૂતન વર્ષાભિનંદન
ખરસણા ગ્રામ પંચાયત
: સરપંચ : શંકરભાઈ કામોળ
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : એસ. બી. સેલોત
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ખરસણા, તા.ઝાલોદ
શૈલેષ ભુરીયા

નૂતન વર્ષાભિનંદન
લીલવા ઠાકોર ગ્રામ પંચાયત
: સરપંચ : લાલસિંગભાઈ માનસિંગભાઈ ભાભોર
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : એ. આર. કટારા
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. લીલવા ઠાકોર, તા.ઝાલોદ
શૈલેષ ભુરીયા

Happy New Year
Munda Motors
Yusuf G.Munda
Ph : 02673-242499
M: 94265 60063
96248 52288
Email : mundamotors1977@gmail.com
Nr. Simandhar Jain Mandir,
Old Indore Highway, Dahod-389151( Gujrat)

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
શુધ્ધ પેટ્રોલ-ડિઝલ અને ટુટી ઓઈલ, એન્જિન ઓઈલ, હિરોહોન્ડા ઓઈલ ૪-ટી પ્લસ ઓઈલ, તેમજ દરેક પ્રકારના ઓઈલ મેળવવાનુ શુભ સ્થળ
પારગી એન્ટરપ્રાઈઝ કોર્પોરેશન લિમીટીડ
રવિરાજ જી. પારગી
મો : ૯૯૨૫૦ ૧૩૯૬૦
ઝાલોદ રોડ, ફતેપુરા, જિ.દાહોદ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સાંઈ પ્રાયમરી સ્કુલ
સંચાલક શ્રી : રમેશભાઈ કટારા, સુખસર
મો : ૯૪૨૭૦ ૩૫૬૪૪
બલૈયા ક્રોસિંગ પાડલીયા, મુ.પો.પાડલીયા,
તા.ફતેપુરા, જિ.દાહોદ
સાંઈકૃપા ગ્રામ વિકાસ ટ્રસ્ટ સુખસર સંચાલિત
આઈ.ટી.આઈ.
બલૈયા ક્રોસિંગ પાડલીયા, મુ.પો.પાડલીયા, તા.ફતેપુરા, જિ.દાહોદ
ફોન : ૦૨૬૭૫-૨૩૫૬૪૪
સાંઈ કટારા કન્સ્ટ્રકશન
દિલીપભાઈ ટી.કટારા
મુકેશભાઈ ટી.કટારા
નરેશભાઈ ટી.કટારા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
અર્પણ સર્જીકલ હોસ્પિટલ
ડો.લલિત વી.મછાર
(M.S. જનરલ)
ફોન : ૦૨૬૫-૨૭૮૨૪૮૩, ૨૭૯૫૨૭૮
ફેક્સ : ૦૨૬૫-૩૯૧૪૦૭૩
મો : ૦૯૮૨૫૦૩૩૩૧૮
હોસ્પિટલ : ૧૨૭, અર્પણ કોમ્પલેક્ષ, ૧લા માળે
હનુમાનજીના મંદિર પાસે નિઝામપુરા વડોદરા-૩૯૦૦૦૨
મુ.કાળિયા , લખણપુર વાયા સુખસર તા.ફતેપુરા, જિ.દાહોદ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
જનની હોસ્પિટલ
ડો. કે. આર. ડામોર
સ્ત્રી રોગ નિષ્ણાંત (લેપ્રોસ્કોપી પેનલ સર્જન)
-: સુવિધાઓ :-
• પ્રસુતિની તપાસ અને સારવાર.
• સ્ત્રીરોગ તપાસ, સારવાર, ઓપરેશન.
• કુટુંબ નિયોજન ઓપરેશન.
• વંધ્યત્વ નિવારણ કેન્દ્ર.
• કેન્સર નિદાન અને સારવાર કેન્દ્ર.
• કસોનોગ્રાફી કેન્દ્ર.
ફોન : (હો)૨૪૪૩૬૨, (રે.)૨૨૧૬૫૨, મો : ૯૪૨૬૫ ૦૪૦૬૩
રેણુકા કોમ્પલેક્ષ , રેલ્વે ઓવરબ્રિજના છેડે,
રામા હોટેલની બાજુમાં ઝાલોદ રોડ, દાહોદ.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ચૌહાણ સરતનભાઈ સબુરભાઈ
પ્રમુખ શ્રી-કોળી વિકાસ પરીષદ દાહોદ જિલ્લો
ચૌહાણ કન્સ્ટ્રકશન
મો : ૯૦૯૯૯ ૭૩૫૫૫ / ૮૪૬૯૯ ૭૩૫૫૫
sartanchauhan@gmail.com
વિજય હોટલ-વિજય કોમ્પલેક્ષ,
લીમખેડા, જિ.દાહોદ નેશનલ હાઈવે ૫૯, લીમખેડા, જિ.દાહોદ

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 75

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પંચહાલ જીલ્લામાં દિવાળીના તહેવાર પુરા થતાં

# છેલ્લા ચાર દિવસમાં ૬૩ કોરોના સંક્રમિત કેસ નોંધાયા

ગોધરા,

ગોધરા પંચમહાલ જીલ્લામાં દિવાળીના તહેવારોમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થતાં આરોગ્ય તંત્ર અને જીલ્લા વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. છેલ્લા ચાર દિવસમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૩ થવા પામી છે. નવા વર્ષની શરૂઆતમાં કોરોના એ માથું ઉચકતા આરોગ્ય તંત્ર સજજ બન્યું છે.

પંચમહાલ જીલ્લાવાસીઓ માટે દિવાળી અને નવા વર્ષના તહેવારો મોંઘા સાબિત થઈ રહ્યા છે. દિવાળીના તહેવારમાં બજારોમાં ખરીદી માટે ઉમટી પડેલ ભીડને લઈ કોરોનાના સંક્રમણનું મુખ્ય કારણ બન્યું છે. સાથે સાથે દિવાળીના તહેવારોમા લોકોની અવરજવર માટે મુસાફરોના ટોળેટોળાઓ કોઈપણ જાતના સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક વગર ફરતા લોકો કોરોના સંક્રમણનું કારણ બન્યા છે. દિવાળી અને નવા વર્ષના તહેવારોમાં લોકોના કોરોના સંક્રમણથી બચવા માસ્કનો ઉપયોગ તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા માટે અપીલ કરવામાં આવી હોવા છતાં લોકો કોરોના પ્રત્યે બેદરકારી રાખી છે. જેનું પરિણામ જોવા મળી રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં ૧૬ નવેમ્બરના રોજ કોરોના પોઝીટીવ-૪ દર્દીઓ, ૧૭ નવેમ્બરના રોજ કોરોના પોઝીટીવ ૧૫ દર્દીઓ, ૧૮ નવેમ્બરના રોજ ૨૨ પોઝીટીવ કેસ, ૧૯ નવેમ્બરના રોજ ૨૨ પોઝીટીવ કેસ મળી ચાર દિવસોમાં ૬૩ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા છે.

પંચમહાલ જીલ્લામાં ચાર દિવસોમાં ૬૩ જેટલા નવા કોરોના સંક્રમિત કેસ વધ્યા છે. જેને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર અને જીલ્લા વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. આવનાર દિવસોમાં જીલ્લાવાસીઓમાં કોરોના માટે સાવચેતી રાખે અને સોશ્યલ ડીસ્ટન્સ, માસ્કના અવશ્ય ઉપયોગ કરે તેવી અપીલ કરવામાં આવી રહી છે.




### દિવાળીના તહેવારમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ ટાળતા વકર્યો

**૧૭ નવેમ્બર નવા પોઝીટીવ આંક-૧૫**
ગોધરા-૦૮, હાલોલ-૦૪, શહેરા-૦૩.
કુલ પોઝીટીવ કેસ-૨૯૨૩.
સક્રિય દર્દીઓ-૯૦.
રજા-૧૩.

**૧૬ નવેમ્બર નવા પોઝીટીવ આંક-૪**
ગોધરા-૦૩, ઘોઘંબા-૦૧.
કુલ પોઝીટીવ કેસ-૨૯૦૮.
સક્રિય દર્દીઓ-૮૮.
રજા-૦૬.

**૧૮ નવેમ્બર નવા પોઝીટીવ આંક-૨૨**
ગોધરા-૧૪, હાલોલ-૦૪, કાલોલ-૦૧, શહેરા-૦૩.
કુલ પોઝીટીવ કેસ-૨૯૪૫.
સક્રિય દર્દીઓ-૧૧૦.
રજા-૦૨.

**૧૯ નવેમ્બર નવા પોઝીટીવ આંક-૨૨**
ગોધરા-૦૭, હાલોલ-૧૧, કાલોલ-૦૨, શહેરા-૦૨.
કુલ પોઝીટીવ કેસ-૨૯૬૭.
સક્રિય દર્દીઓ-૧૨૨.
રજા-૧૦.

# કાલોલ તાલુકાના વાછાવડ ગામે ફોન કરી મારી પત્નીને હેરાન કરે છે તેમ કહી મારમારી યુવાનની હત્યા કરાઈ

કાલોલ,

કાલોલ તાલુકાના વાછાવડ ગામે ખેડા ફળીયામાં રહેતી મહિલા એ ફરિયાદી યુવાનના પિતાને બોલાવ્યા હતા અને મહિલાના પતિ એ તું મારી પત્નીને કેમ હેરાન કરે છે. તેમ કહી ગુપ્તાંગના ભાગે લાતો મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા સારવાર મળે તે પહેલા મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધી આરોપીઓની ઘરપકડ કરવામાં આવી.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

### હત્યાના ગુનામાં આરોપીઓને ઝડપી લેવાયા

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વાછાવડ ગામે રહેતા કિરીટભાઈને ખેડા ફળીયામાં રહેતી ગીતાબેન પરમારે બોલાવ્યા હતા. અગાઉથી કાવતરું રચીને ગીતાબેનના પતિ ભુપેન્દ્રસિંહ પરમારે મૃતકને તું મારી પત્નીને હેરાન કરે છે. તેમ કહી ગાળાગાળી અને અપશબ્દો બોલીને આરોપી ભુપેન્દ્રસિંહ પરમાર એ મૃતક કિરીટભાઈને ગુપ્તાંગના ભાગે લાતો મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે અન્ય ઈસમો ભુપેન્દ્રસિંહ પરમાર, તેજપાલ, વિરેન્દ્રસિંહ પરમાર, નરેશ પરમાર, નરેશ સોલંકી ભેગા મળીને કિરીટભાઈના કપડા કાઢી પેટના તેમજ ગુપ્તાંગના ભાગે લાતો વડે તેમજ ગડદાપાટુનો મારી મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં કિરીટભાઈને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા હતા. ઈજાગ્રસ્ત કિરીટભાઈને સારવાર મળે તે પહેલા મોત નિપજાવા પામ્યું હતું. મારમારીને હત્યાના કરવાના મામલે વેજલપુર પોલીસ મથકે જાણ કરવામાં આવતાં હત્યાના બનાવે ગંભીર દયાનમાં લઈને વાછાવડ ગામે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વેજલપુર પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધી ઘટના સ્થળની એફએસએલની મદદથી પુરાવા ભેગા કરવામાં આવ્યા. પોલીસ દ્વારા હત્યાના ગુનામાં સંડોવાયેલ આરોપી ઈસમોને ધરપકડ કરવામાં આવી છે.

# પાવાગઢ દર્શને જતા આઈસર-ટ્રેલર વચ્ચે અકસ્માત, ૧૧નાં કરુણ મોત

વડોદરા,

વડોદરા હાઈવે પર હાલ એક ગમખ્વાર અકસ્માત થયો હોવાની માહિતી મળી રહી છે. વડોદરાના વાઘોડિયા ચોકડી બ્રીજ પર ટેમ્પો કન્ટેનર પાછળ ઘુસી જતા એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ૦૯ જેટલા લોકોના મૃત્યું થયા હોવાની માહિતી મળી રહી છે. જો કે હાલમાં મૃતદેહોને સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી રહ્યાં છે. અકસ્માતમાં બાળક સહિત ૯ લોકોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.



### મરનાર લોકોમાં ૫ મહિલા, ૩ પુરુષ, એક બાળકનો સમાવેશ

મરનાર લોકોમાં ૫ મહિલા, ૩ પુરુષ, એક બાળકનો સમાવેશ થાય છે, જ્યારે ૧૭ ઈજાગ્રસ્તોને જિલ્લાની એસએસજી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે. જાણવા મળી રહ્યું છે કે ટેમ્પોમાં સવાર થઈને લોકો પાવાગઢ મંદિરે દર્શાનાર્થે જઈ રહ્યા હતા. કપુરાઈથી અમદાવાદ જતા રોડ પર આ ગોઝારી ઘટના બનતા વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાની માહિતી મળતા જ SSGના સુપ્રિટેન્ડેન્ટ, કલેક્ટર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને મળીને ખબર અંતર પૂછ્યા છે.

આ ઘટનાની માહિતી મળતા રાજ્યના સીએમ વિજય રૂપાણીએ ટ્વિટ કરીને લોકોને સાંત્વના પાઠવી હતી. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે વડોદરાના વાઘોડિયા ચોકડીના બ્રિજ પર મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. કપુરાઈથી અમદાવાદ જતા રોડ પર લોકોને કાળ ભરખ્યો હતો. વાઘોડિયા ચોકડીના બ્રિજ પર ટેમ્પો અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતાં ૦૯ જેટલા લોકોના મૃત્યુ થયા છે. આ અકસ્માતની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલમાં મૃતદેહો શહેરની સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યાં છે. પોલીસ અને પરિવારજનો હોસ્પિટલો ખાતે પહોંચ્યાં છે. વાઘોડિયા ચોકડી પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં જાણવા મળી રહ્યું છે કે આઈસર ટેમ્પોમાં લોકો બેસીને સુરતથી પાવાગઢ મંદિરે દર્શન કરવા જતા હતા. ત્યારે રસ્તામાં આઈસર ટેમ્પો અને ટ્રેલર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેના કારણે આઈસર ટેમ્પોમાં સવાર યાત્રીઓ ગંભીર રીતે ઘવાયા હતા અને અંદર ફસાયા હતા. ત્યારબાદ ફાયરની ટીમ પહોંચીને રેસક્યૂ કર્યુ હતું. ફાયરે કામગીરી શરૂ કરી ગંભીર રીતે ઘવાયેલાઓને સયાજી હોસ્પિટલ ખસેડયા હતા.

આ ઘટનાની માહિતી મળતા તાત્કાલિક સારવાર ખાતે એડ સીપી કલેકટર અને SDM હોસ્પિટલ પહોંચ્યા હતા. SSG હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ રંજન ઐયર પણ તાત્કાલિક હોસ્પિટલમાં હાજર થયા હતા. આ ઘટનામાં ૧૭ યાત્રીઓ ગંભીર રીતે ઘાયલ, જયારે ૯ યાત્રીઓના મોત નિપજ્યા છે. આ ઘટનામાં ભોગ બનનાર લોકોમાં ૧ બાળક, ૫ મહિલા, ૩ પુરુષનો સમાવેશ થાય છે.

### અકસ્માતમાં મૃતકોની યાદી

- હંસાબેન ખોડાભાઈ જીંજા(ઉ.૧૧).
- ભૌતિક ખોડાભાઈ જીંજા(ઉ.૧૧).
- દિનેશભાઈ ઘુઘાભાઈ બદલાણીયા.
- દેવાંશી બિજલ ખડીયા.
- નેન્સી નરેશભાઈ જીન્જુવાડીયા.
- પ્રિન્સ ઘનશ્યામ કલસરીયા.
- દક્ષાબેન ઘનશ્યામ કલસરીયા.
- ઉત્તમ હરીશભાઈ જીન્જુવાડીયા.
- રૂતિક જીન્જુવાડીયા.
- ખોડાભાઈ ચુનાભાઈ આહીર.

# ગોધરા શહેરના કલેકટર કચેરીના પ્રાંગણમાં આવેલ મોરારજી દેસાઈની પ્રતિમાની સાફ સફાઈ કરાઈ

ગોધરા,

ભારતના લોકપ્રિય અને પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ મોરારાજી દેસાઈ દ્વારા પોતાની કારકિર્દી દરમ્યાન ગોધરા શહેરમાં વિશેષ ફરજ બજાવવામાં આવી હતી. જેમાં ગોધરાના નાયબ કલેકટર તરીકે મોરારજી દેસાઈ રહી ચૂક્યા છે. ત્યારે હાલની જિલ્લા કલેકટર કચેરીની બાજુમાં મોરારજી દેસાઈની તત્કાલીન સમયની ઓફિસ આવેલી છે અને નજીકમાં તેઓની પ્રતિમા પણ આવેલી છે. ત્યારે આજરોજ જિલ્લા કલેકટર કચેરીના પ્રાંગણમાં આવેલ મોરારજી દેસાઈની પ્રતિમાની સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી.


ગોધરા ખાતે જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. પંચાલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ. પટેલના હસ્તે જિલ્લામાં નવી નિમણુંક મેળવનાર ૧૦ શિક્ષણ સહાયકોને નિમણુંક પત્રો આપી આવકારવામાં આવ્યા હતા.

# મોરવા(હ) તાલુકામાં નવા વર્ષે આદિવાસી સમાજ દ્વારા જાયણીની ઉજવણી કરી

મોરવા(હ),

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં આજે નવા વર્ષને લઈને આદીવાસી સમાજ દ્વારા જાયણીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હવન પૂજા કરીને આદિવાસી સમાજ દ્વારા પોતાના પૂર્વજોને યાદ કરી પરંપરા જાળવી રાખવામાં આવી હતી.

પંચમહાલ જિલ્લો આદીવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો ગણવામાં આવે છે. જેમાં જિલ્લાના પૂર્વ ભાગમાં આવેલ મોરવા હડફ તાલુકાને આદિવાસી તાલુકો ગણવામાં આવે છે. મોરવા હડફ તાલુકાના મોટાભાગના લોકો મજૂરી અર્થે મહાનગરો તરફ પલાયન કરતા હોય છે, પરંતુ દિવાળી તેમજ હોળીનો તહેવાર મનાવવા લોકો પોતાના માદરે વતન પરત આવતા હોય છે. દિવાળીના તહેવારનું આદીવાસી સમાજમાં અનેરૂં માહાત્મ્ય રહેલું છે. જિલ્લાના આદિવાસી સમાજ દ્વારા નવાં વર્ષના પ્રારંભે જાયણીની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આદિવાસી સમાજ દ્વારા પોતાના ઘર બહાર એકઠા થઈ હવન કરવામાં આવે છે. જેમાં શ્રીફળ અને ભાતનો પ્રસાદ બનાવી ધરાવવામાં આવે છે. તેમજ પોતાના પૂર્વજોને પણ યાદ કરવામાં આવે છે. આ જાયણીની ઉજવણી કરવા ગામના તમામ વ્યક્તિઓ એકઠા થાય છે. અને ગામ પર આવનારી તમામ આફતો ટળી જાય તેના માટેની પણ પ્રાર્થના કરવામાં આવે છે. સ્થાનિક ભાષામાં આ પૂજાને ઝાપા તરીકે ઓળખવામાં આવે છે. નવાં વર્ષને લઈને આદિવાસી સમાજ દ્વારા પોતાના પશુધનને પણ રંગીને શણગારવામાં આવે છે અને તેની પણ પૂજા કરવામાં આવે છે. આજે મોરવા હડફ તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસી સમાજ દ્વારા જાયણી નિમિત્તે હવન કરવામાં આવ્યા હતા. કોરોના મહામારી વચ્ચે લોકોએ તકેદારી સાથે એકઠા થઈ જાયણીની ઉજવણી કરી હતી.


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સુર્યોદય હોસ્પિટલ
ICU, ICCU
ડો.નિશાંત જે. શેઠ
એમ.ડી.(મેડિસીન)એફ.સી.સી.એસ., સી.સી.ઈ.બી.ડી.એમ.
કન્સલ્ટિંગ ફીઝીશીયન, કાર્ડિયોલોજીસ્ટ, ડાયાબિટીસ સ્પેશિયાલિસ્ટ
ફોન :૦૨૬૭૨ -૨૫૨૬૩૬
દિપજયોત ચેમ્બર્સ, પહેલો માળ,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં ચર્ચાની સામે ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
યશ ઓર્થોપેડિક હોસ્પિટલ
રજી.જી-૬૨૯૭
ડો. રાકેશ એસ. શાહ
(MS ઓર્થો)
ફોન : (હો)(૦૨૬૭૨)૨૪૫૪૬૬
અકસ્માત અંગેના પોલીસ કેસ લેવામાં આવશે.
સવારે ૧૦:૩૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૭:૦૦
હોસ્પિટલ : ટાઉન પોલીસ સ્ટેશન સામે,
કલાલ દરવાજા રોડ, ગોધરા-૩૮૯૦૦૧,

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
બુરહાની મેટરનિટી હોમ
ડો.અબીઝર વાય. કાલોલવાલા MBDGO
ડો.ફરીદા એ. કાલોલવાલા BHMS
(M) 98253 17124 / (H) 250384
સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦
પહેલા માળે, ગુરૂકૃપા, કોમ્પલેક્ષ,
એચ.ડી.એફ.સી.બેંકની બાજુમાં,
એલ.આઈ.સી.રોડ ગોધરા-૩૮૯૦૦૧

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
રિયલ એસ્ટેટ એન્ડ કન્સલ્ટિંગ કાું
જમીન, મકાન, પ્લોટ, એપાર્ટમેન્ટ, વગેરે બનાવનાર ખરીદનાર તથા વેચનાર, તૈયાર ફલેટ્સ તથા ઓફિસ લેવા સંપર્ક કરો.
અદનાન એ. દાહોદવાલા
મો : ૯૨૨૮૧ ૧૧૮૩૯/ ૯૪૨૬૨ ૮૬૮૫૨
આમલી ફળિયા, વ્હોરવાડ ગોધરા-૩૮૯૦૦૧

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
જમાલી ગ્રેઈન શોપ
પ્રો.મિકાઈલ પુનાવાલા
મો-૯૪૨૬૫ ૧૪૧૦૭, ફોન- ૨૪૧૬૫૫(ઓ.)
ગોળ-અનાજ કરિયાણાના વેપારી
સ્ટેશન રોડ પોલીસ ચોકી-૬ની સામે, ગોધરા